# શેઠ ડી.એમ.પોલિટેક્નિક ઇન હોર્ટિકલ્ચર,મોડેલ ફાર્મ,વડોદરા ખાતે પ્રમાણપત્ર વિતરણ કાર્યક્રમ

અત્રેની શેઠ ડી.એમ.પોલિટેક્નિક ઇન હોર્ટિકલ્ચર ખાતે તા. ૧૮/૧૨/૨૦૧૯ના રોજ બપોર કલાકે વર્ષ ૨૦૧૯માં પાસ થયેલ વિધાર્થીઓનો પ્રમાણપત્ર અને ગોલ્ડ મેડલ વિતરણ કાર્યકર્મ યોજવામાં આવેલ હતો. જેમાં સમાંરભના અધ્યક્ષશ્રી ડૉ. એચ. સી. પટેલ, મુખ્ય મહેમાનશ્રી, ડૉ. સુભાષ. જે. પટેલ તથા અતિથી વિશેષશ્રી ડૉ. એચ.પી પટેલ હાજર રહેલ હતા. કાર્યક્રમની શરૂઆત કોલેજની વિધાર્થીનીઓ દ્વારા પ્રાર્થનાગીત તેમજ સર્વે આમંત્રિત મહેમાનોએ દીપ પ્રાગટ્ય કરીને કરી હતી. સર્વે મહેમાનનું શાબ્દિક સ્વાગત અત્રેની કોલેજનાં આચાર્ય ડૉ. બી. એચ. પંચાલે કરીને સર્વેને આવકાર્યા હતા. અતિથી વિશેષશ્રી ડૉ. એચ.પી પટેલ, યુનિટ વડા, કઠોળ સંશોધન કેન્દ્ર, દ્વારા વિદ્યાર્થીઓને પ્રેરણાદાયક વ્યકતવ્ય આપેલ હતું. મુખ્ય મહેમાન ડૉ. સુભાષ. જે. પટેલ, નિવૃત આચાર્ય, શેઠ ડી.એમ.પોલિટેક્નિક ઇન હોર્ટિકલ્ચર, મોડેલ ફાર્મ ના હસ્તે કુ. હેતલ કટારીયા ને ગોલ્ડ મેડલ આપવામાં આવ્યો હતો. ત્યાર બાદ સર્વે પાસ થયેલ તમામ ૧૮ વિધાર્થીઓને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા. કાર્યક્રમનાં અંતમાં સમારોહનાં અધ્યક્ષશ્રી ડૉ. એચ. સી. પટેલ, આચાર્ય અને ડીન, બાગાયત મહાવિદ્યાલય, આકૃયું, આણંદ દ્વારા પાસ થયેલ તમામ વિધાર્થીઓને અભિનંદન પાઠવી સર્વે ને ઉત્તરોત્તર પ્રગતિ માટે શુભકામનાઓ આપવામાં આવી હતી. ડૉ. આર. જે. મકવાણાએ સૌનો આભાર માની રાષ્ટ્રગાન ગાઈને કાર્યક્રમ પુર્ણ જાહેર કરેલ હતો.






WELCOME
TO
S.D.M.P.H









